આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૪૭ | ૨૦ નવેમ્બર, ૨૦૧૪, ગુરૂવાર ; કારતક વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ઉદાસી, નિરાશા, હતાશા એ જીવનનો સ્વાભાવિક ક્રમ છે, પણ આપણે તેને કેટલો સમય ટકવા દેવી એ આપણા હાથની વાત છે
- જૈનસૂત્ર

મંત્રીમંડળનું એક જ સપ્તાહમાં બીજી વાર વિસ્તરણ

ગાંધીનગર, તા.૧૯

રાજયના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે એક જ સપ્તાહમાં બીજી વાર મંત્રીમંડળનું વિસ્તરણ કર્યું છે. આજે મંત્રી મંડળના વિસ્તરણમાં બે કેબિનેટ અને બે રાજયકક્ષાના મંત્રીઓને રાજયના રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીએ હોદ્દા અને ગુપ્તતાના સોંગદ લેવડાવ્યા હતા.

અત્યંદ સાદા છતાં દબદબાભર્યા સમારોહમાં આ મંત્રીઓએ હોદ્દા અને ગુપ્તતાના સોગંદ ગુજરાતીમાં ઈશ્વરના નામે લીધા હતા.

રાજભવન નજીકના પટાંગણમાં યોજાયેલ આ સમારોહમાં કેન્દ્રના રાજયમંત્રી શ્રી મોહનભાઈ કુંડારિયા, ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલા, પ્રદેશ પ્રમુખ શ્રી આર.સી. ફળદુ તથા રાજય મંત્રી મંડળના સભ્યો, ધારાસભ્યો, બોર્ડ નિગમના અધ્યક્ષો અને રાજકીય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

રાજય મંત્રી મંડળમાં આજે વધુ ચાર મંત્રીઓને સમાવવામાં આવ્યા છે. જેમાં મંગુભાઈ સી. પટેલ, વિજયભાઈ રૂપાણીનો કેબિનેટ મંત્રી તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે. જયારે શ્રી પુરુષોત્તમ સોલંકી અને જશાભાઈ બારડનો રાજય મંત્રી તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે.

એક જ સપ્તાહમાં બીજી વાર મંત્રી મંડળનું વિસ્તરણ કરાયું છે. મુખ્યંત્રીશ્રીના નવા મંત્રી મંડલમાં હવે ૮ કેબિનેટ મંત્રી અને ૧૬ રાજય મંત્રી

● અનુસંધાન પાન-૭ પર

(તસવીર : દિપક જાની)

વિજય રૂપાણીને પાણી-પુરવઠા અને વાહન વ્યવહાર, મંગુભાઈને વન-પર્યાવરણ

જયેશ રાદડિયાને લોટરી લાગી નાગરિક ઉડ્ડયન પરત લઈ પાણી પુરવઠો વિભાગ ફળવાયો : મંગુભાઈ પટેલને વન પર્યાવરણ આદિજાતિ વિકાસ વિભાગ ફાળવાયા

ગાંધીનગર, તા. ૧૯

રાજ્યમંત્રીમંડળનું વિસ્તરણ કર્યા બાદ રાજ્ય મંત્રીમંડળના મંત્રીઓને ખાતા ફાળવણી કરવામાં આવી હતી. જેમાં બે કેબીનેટ મંત્રીઓના બે ખાતાઓ પરત લઈને અન્ય મંત્રીઓને ફાળવવામાં આવ્યા છે.

આજે રાજ્ય મંત્રીમંડળનું વિસ્તરણ કરીને નવા બે કેબીનેટ મંત્રી અને બે રાજ્યકક્ષાના મંત્રીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આજે મળેલી કેબીનેટ બેઠકમાં મંત્રીઓને ખાતાઓની ફાળવણી કરવામાં આવી હતી. જેમાં કેટલાક મહત્વના ફેરફારો કરવામાં આવ્યા છે.

કેબીનેટ મંત્રી સૌરભભાઈ પાસેથી શ્રમ રોજગાર અને નિતીનભાઈ પટેલનું વાહન વ્યવહાર તેમજ બાબુભાઈ બોખીરિયા પાસેથી પાણી પુરવઠા વિભાગો પરત લઈને મંત્રીમંડળમાં સમાવિષ્ટ કરાયેલ તથા કેબીનેટ મંત્રી વિજય રૂપાણીને આ ત્રણે મહત્વના ખાતાઓ ફાળવવામાં આવ્યા છે.

જ્યારે મંત્રીમંડળમાં સ્થાન પામેલ મંગુભાઈ પટેલને વન અને પર્યાવરણ તેમજ આદિજાતિ વિકાસ વિભાગનો હવાલો સોંપવામાં આવ્યો છે.

રાજ્યકક્ષાના મંત્રી ગોવિંદભાઈ પટેલ પાસેના કૃષિ, પાણી પુરવઠો વન પર્યાવરણ વિભાગો પરત લઈને આ વિભાગો અન્ય મંત્રીને ફાળવવામાં આવ્યા છે. ગોવિંદભાઈને ઉર્જા પેટ્રોકેમીકલ્સ અને સાયન્સ ટેકનોલોજી વિભાગનો હવાલો સોંપવામાં આવ્યો છે.

આ ઉપરાંત રાજ્યકક્ષાના મંત્રી જયેશ રાદડિયા પાસે પ્રવાસન અને નાગરિક ઉડ્ડયન વિભાગો હતા તેમાંથી નાગરિક ઉડ્ડયન પરત લઈને તેના સ્થાને પાણી પુરવઠા વિભાગ ફાળવવામાં આવ્યો છે. રાજ્યમંત્રી જશાભાઈ બારડને કૃષિ, નાગરિક ઉડ્ડયન વિભાગની ફાળણી કરવામાં આવી છે.

જ્યારે રાજ્યમંત્રી બચુભાઈ ખાબડને વધારાનું વન અને પર્યાવરણ વિભાગ ફાળવવામાં આવ્યો છે.

રાજ્યમંત્રી વસુબેન ત્રિવેદીને મહિલા અને બાળ વિકાસનો સ્વતંત્ર હવાલો આપવામાં આવ્યો છે.

આજથી ત્રિદિવસીય ગુણોત્સવ આરંભાશે

ધો-૬થી ૮ માટે લેખિત પરીક્ષા તો ૨ થી ૫ માટે વાંચન-ગણન-લેખન કરાવાશે : ૬૦ ટકા શૈક્ષણિક સિદ્ધિના ૨૦ ટકા સહઅધ્યયનના અને ૨૦ ટકા માર્કસ સંશાધનોના ઉપયોગને લઈ મૂકાશે

ગાંધીનગર, તા.૧૯

આજથી જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં પાંચમા ગુણોત્સવનો પ્રારંભ થઈ રહ્યો છે. કલર કોડ આધારિત આ ગુણોત્સવમાં જે મૂલ્યાંકન થશે તેમાં ૬૦ ટકા ગુણાંક શૈક્ષણિક આધારિત હશે જયારે ૪૦ ટકા ગુણાંક સહઅભ્યાસ પ્રવૃત્તિઓ અને સંશાધનોનો ઉપયોગ અને લોકભાગીદારી મૂલ્યાંકન આધારિત હશે.

બાળકોની શૈક્ષણિક સિદ્ધિ કે જેનો ગુણભાર ૬૦ ટકા છે સહઅભ્યાસ પ્રવૃત્તિઓ જેનો ગુણભાર ૨૦ ટકા છે. સહ અભ્યાસ પ્રવૃત્તિઓમાં પ્રાર્થના, યોગ, વ્યાયામ, રમતગમતની પ્રવૃત્તિ, બાળમેળો, પુસ્તકાલય, બાલસભા, ઓષધગાર્ડન કે કીચન ગાર્ડન વિગેરેને ધ્યાને લઈ કરાશે.

જયારે સંશાધનોનો ઉપયોગ અને લોકભાગીદારીનું મૂલ્યાકનનું ભારાંક ૨૦ ટકા રખાયું છે જેમાં પાઠયપુસ્તકો, મધ્યાહ્ન ભોજન યોજના, પાણી અને શૌચાલયો, કોમ્પ્યુટરનો ઉપયોગ, સુરક્ષીત વીજ વ્યવસ્થા, બાળકોની શાળામાં હાજરીની સરેરાશ, વર્ગકાર્યમાં શિક્ષકો દ્વારા તાલિમનો ઉપયોગ, એસ.એમ.સી.ની બેઠક સહિતના મુદ્દાઓ સમાવાયા છે.

મૂલ્યાંકનકારે બાળકો સાથે મધ્યાહ્ન ભોજન લેવાનું રહેશે. આ ઉપરાંત સાંજે ૪.૩૦ થી ૫.૩૦ દરમિયાન સાંસ્કૃતિક કાર્યક્રમ, એસ.એમ.સી.ની બેઠક, સખી મંડળની બેનો સાથે બેઠક પણ કરવાની રહેશે.

ધો-૬ થી ૮ના બાળકોના મૂલ્યાંકન માટે ખાસ પ્રશ્નપત્ર તમામ સાત સાક્ષરી વિષયોને આવરી લઈ

● અનુસંધાન પાન-૭ પર

નિર્દોષતાની અભિવ્યક્તિ - પૃથ્વી પરના પ્રાણીઓમાં ખિસકોલીને નિર્દોષ આલેખાયું છે... નિરૂપદ્રવી અને ચૂપચાપ જીવન જીવતું આ નાનકડું પ્રાણી નિર્દોષતાની અભિવ્યક્તિ દર્શાવે છે... કોઈને પણ નડવું નહિ, કોઈને પરેશાન ન કરવું અને આમ છતાં પોતાના અસ્તિત્વ માટે સતત દોડધામમાં રહેવું આવી જેની પારદર્શક જીવનકથા છે એવી આ ખિસકોલીને દંતકથામાં રામપ્યારી તરીકે પણ આલેખાયેલી છે... (તસવીર : કશ્યપ નિમાવત)

સિવિલમાં ઓપીડી બંધ કરાતાં ભારે હાલાકી

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં જનરલ ઓપીડી બંધ કરાતા દર્દીઓ ભારે મુશ્કેલીમાં મુકાયા : આરોગ્ય કમિશનરશ્રીએ પણ દરમ્યાનગીરી કરી

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં જનરલ ઓ.પી.ડી. બંધ કરવાના નિર્ણયને પગલે દર્દીઓની પરેશાની વધી જવા પામી છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની સમસ્યાને લઈ ઉભી થયેલી વાતનો પડઘો આરોગ્ય કમિશનરની કચેરી સુધી પડતાં આરોગ્ય કમિશનરશ્રી પણ સિવિલ દોડી આવ્યા હતા અને તેમણે દરમ્યાનગીરી કરી હતી.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મેડીકલ કોલેજ હસ્તક થતાં જ હવે જનરલ ઓ.પી.ડી. બંધ કરાઈ છે અને દર્દીની સ્કુટીની માટેની વૈકલ્પિક વ્યવસ્થાને સઘન બનાવવાની દિશામાં નક્કર કાર્યવાહી થાય તેમ સૌ ઈચ્છી રહ્યા છે. મેડીકલ કોલેજને હસ્તક મુકાયેલ સિવિલ સંકુલને પગલે લાઈનલેસ ઓ.પી.ડી. બનાવવા માટે સત્તાવાળાઓએ નિર્ણય લીધો છે. જો કે નવુ ઓ.પી.ડી. સંકુલ હજુ પુરેપુરૂ તૈયાર થયું નથી, તેમજ ત્યાં પુરી સુવિધાઓ ઉપલબ્ધ પણ નથી. આ સંજોગોમાં દર્દીઓની હાલાકીમાં વધારો થવા પામ્યો છે.

કોલેજ સત્તાવાળાઓ દર્દીઓની કોઈ વાત સાંભળવાના મુડમાં નથી. હજુ ઓ.પી.ડી. ભવન પુરેપુરૂ તૈયાર થયુંનથી અને ક્રમશઃ તેનો કબ્જો મળવાનો છે ત્યારે દર્દીઓની હાલાકીને ધ્યાનમાં રાખી જનરલ ઓ.પી.ડી. ચાલુ રાખી નિકાલ લાવવામાં આવે તેવી માંગણી લોકો કરી રહ્યા છે.

ભાજપના એક લાખ મહિલા સભ્યો નોંધાશે

આવતીકાલે આનંદીબેન પટેલના ૭૪માં જન્મદિવસની મહિલા મોરચા દ્વારા અનોખી ભેટ અપાશે

અમદાવાદ, તા.૧૯

ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલના ૨૧મીએ ૭૪માં જન્મદિન નિમિત્તે ભારતીય જનતા પાર્ટી મહિલા મોરચા દ્વારા રાજ્યભરમાંથી એક લાખ મહિલાઓની વિશેષ સભ્ય નોંધણી ઝુંબેશ હાથ ધરવામાં આવશે. ગુજરાતમાં આ એક પ્રકારની પ્રથમ રાજકીય ઝુંબેશ હશે જ્યાં મોટી સંખ્યામાં મહિલાઓનો વ્યક્તિગત સંપર્ક કરી તેમને ભાજપના સભ્ય બનાવવામાં આવશે સૂત્રોના જણાવ્યા અનુસાર ભાજપ મહિલા મોરચા દ્વારા ૨૧ અને ૨૨મી નવેમ્બરના રોજ તમામ ૩૩ જિલ્લાઓમાં મહિલાઓનો ડોર ટુ ડોર સંપર્ક કરી વડાપ્રધાન નરેન્દ્ર મોદી, મુખ્યપ્રધાન આનંદીબેન પટેલ તથા પ્રદેશ પ્રમુખ આરસી ફળદુના તસ્વીરો તથા મહિલા સશક્તિકરણના સંદેશ સાથે ભાજપના સભ્ય બનવાની અપીલ કરતા સ્ટીકરો, પોસ્ટરો, પડદા વગેરેનું પણ વિતરણ કરવામાં આવશે. આ બે દિવસની વિશેષ ઝુંબેશમાં આંગણવાડીમાં કામ કરતી મહિલાઓ, સખી મંડળો સહિત અન્ય મહિલા મંડળોનો પણ સંપર્ક કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં ૫૦ ટકા મહિલા અનામતના અમલને પગલે આવતા વર્ષે થનારી મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુનિસિપાલિટીઝ, ગ્રામ, તાલુકા અને જિલ્લા પંચાયતોની ચૂંટણીઓ બાદ આશરે ૬૫ હજાર ચૂંટાયેલી મહિલા સભ્યોની જરૂર પડશે.

ડબ્બા ટ્રેડીંગમાં ઝડપાયેલા આરોપીઓને ૩ દિવસના રિમાન્ડ

મોબાઈલ શોપ પર કેટલા સમયથી સટ્ટો રમાતો હતો તે સહીતની પુછપરછ શરૂ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર એલસીબીની ટીમે બાતમીને આધારે સે. ૧૭/૨૨ ખાતે સ્થિત શ્રીનાથ કોમ્પલેક્ષની એક મોબાઈલ શોપમાં દરોડો પાડી ડબ્બા ટ્રેડીંગનો સટ્ટો રમાડતા પાંચ શખ્સોને સવા લાખથી વધુ કિંમતના મુદ્દામાલ સાથે રંગેહાથ ઝડપી પાડ્યા હતા અને સે. ૨૧ પોલીસને સોંપી દીધા હતા. પોલીસે આરોપીઓને કોર્ટમાં રજુ કરતા વધુ પુછપરછ માટે ત્રણ દિવસના રિમાન્ડ કોર્ટે મંજૂર કર્યા છે. મોબાઈલ શોપમાં દરોડો પાડીને એલસીબીની ટીમે રાજેશ દુગોદાસ દરીયાની, સંજય બળદેવ પટેલ, પ્રણવ કાંતિલાલ ત્રિવેદી, હર્ષદ માધવરાવ પાટીલ અને પ્રવિણ રામભાઈ પટેલની રૂ. ૧.૩૬ લાખના મુદ્દામાલ સાથે ધરપકડ કરી લીધી હતી. પાંચેય આરોપીઓ સામે ડબ્બા ટ્રેડીંગના સટ્ટા અંગે સે. ૨૧ પોલીસમથકે ગુનો નોંધી સે. ૨૧ પોલીસને વધુ તપાસ માટે આરોપીઓને સોંપવામાં આવ્યા હતા. પોલીસે પાંચેય આરોપીઓની વધુ પુછપરછ માટે કોર્ટમાં રિમાન્ડની માંગણી કરતા કોર્ટે આરોપીઓના ત્રણ દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે.

ધાનેરાના ગામોમાં મોડીરાત્રે ધરતીકંપના આંચકા

ધાનેરા, તા.૧૯

બનાસકાંઠાના ધાનેરા તાલુકાના સરહદી ગામો રૂણી અને રાજોડા ગામે મોડી રાત્રે ધરતીકંપના હળવા આંચકા અનુભવાયા હતા. એ.પી. સેન્ટર રાજસ્થાનનું શિહોરી મનાય છે. જોકે કોઈ નુકસાન કે જાનહાની થઈ હોવાનાા અહેવાલો પ્રાપ્ત થયા નથી.